**Capital World (Gujarati) Pg 3 – 27th Aug 2022**

# ફેડરલ રિઝર્વની નકારાત્મક ટિપ્પણી બાદ ક્રિપ્ટોકરન્સી બજારમાં કડાકો

**કેપિટલ સંવાદદાતા તા.૨૬**

ફેડરલ રિઝર્વના ચેરમેનની નકારાત્મક ટિપ્પણીને દરેક અમેરિકાના શેરબજારો સહિત ક્રિપ્ટોકરન્સી બજાર ઉપર પણ પ્રતિકૂળ અસર પડી હતી અને મોટા ભાગની અગ્રણી ક્રિપ્ટોકરન્સીમાં કડાકો આવ્યો હતો. બિટકોઈને ૨૧,૦૦૦ ડૉલરની મહત્વની સપાટી ગુમાવી હતી.

ફેડના ચેરમેન જેરોમ પોવેલે કહ્યું કે વધતા ફુગાવાને નિયંત્રણમાં રાખવા માટે કેન્દ્રિય બેન્કે અમારે કડક વલણ અપનાવવું પડશે. ફુગાવો ચાર દાયકાની ટોચે હોવાથી પોવેલે સ્પષ્ટપણે વ્યાજ દરમાં વધારાનો સંકેત આપતા સેન્ટિમેન્ટ ખોરવાયુ હતું. સપ્ટેમ્બરમાં અમેરિકામાં ફેડરલ રિઝર્વ વ્યાજ દરમાં વધારો કરશે એ નિશ્ચિત થયુ હતું.

## » ભારતીય ૩.૦ વર્સનો આઈસી ૧૫ ઈન્ડેક્સમાં ૪.૯૧ ટકાનો ઘટાડો

જોકે, બિનાનકોઈન, એક્સઆરપી અને લાઈટ કોઈન જેવા પ્રતિષ્ઠિત અલ્ટકોઈન્સ સાપ્તાહિક ધોરણે હજી ગ્રીન ઝોનમાં છે.

જયારે૩.૦ વર્સનો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫શુક્રવારે સાંજેઆઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં૪.૯૧ ટકા (૧,૫૫૧ પોઈન્ટ્સ) ઘટીને૩૦,૩૬૬ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.



**ક્રિપ્ટો કરન્સીના ભાવ**

| ક્રિપ્ટો કરન્સી | ભાવ (ડોલરમાં) | ભાવ રૂપિયામાં | છેલ્લા ૨૪ કલાકમાં વધ-ઘટ ટકામાં | છેલ્લા અઠવાડિયામાં વધ-ઘટટકામાં |
|---|---|---|---|---|
| બિટકોઇન (BTC) | ૨૦,૭૫૨.૨૩ | ૧,૬૬૯,૭૪૫.૨૯ | -૩.૪૫ | -૨.૫૭ |
| ઈથેરિયમ (ETH) | ૧,૬૦૧.૫૯ | ૧૨૮,૮૭૦.૫૮ | -૫.૬૯ | -૪.૮૭ |
| બિનાસ કોઇન (BNB) | ૨૯૦.૩૪ | ૨૩,૩૨૭.૫૧ | -૩.૯૩ | ૨.૯૪ |
| XRP | ૦.૩૪ | ૨૭.૫૯ | -૦.૮૧ | ૨.૭૨ |
| ડોજીકોઇન | ૦.૦૬૫૪ | ૫.૨૯ | -૪.૩૫ | -૩.૯૫ |
| લાઇટ કોઇન (LTC) | ૫૪.૫૨ | ૪,૩૭૪.૯૨ | -૩.૧૭ | ૦.૧૪ |